## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કમાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેઠી
૧૯ ગધેડું
૨૦ ચાડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાઝ
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન


### બાળસાહિત્ય ગુચ્છ


૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તફ્તફ તરૂરૂર
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન


# બાળ સાહિત્યગુચ્છ

સંપાદકો

ગિજુભાઈ

તારાબહેન

# જોયું ને આંખ ઠરી

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

બાળસાહિત્ય ગુચ્છ

# જોયું ને આંખ ઠરી

: લેખક :

ગિજુભાઇ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પઠશ/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦
તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અવૈધિક શિક્ષણ
માટે ખરીદવા ભલામણ થયેલ છે.

**આર. આર. શેઠની કંપની**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

©
પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂા. ૩–૦૦

મુદ્રક
ભગતભાઈ ખી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

## ચંદ્રમલ્લિકા

ખૂચનાં ફૂલો ઊઘડી ઊઘડીને ખરી પડ્યાં. તેની સુવાસ આવીને પવન સાથે ઊડી ગઈ. તેનો ધોળો રંગ ઝાંખો થઈને તેજમાં ભળી ગયો. ખૂચનાં ફૂલોનો વારો પૂરો થયો.

હમણાં ગુલદાવદીનો વારો છે. ગુલદાવદીના નીચા છોડ ધોળાં ફૂલોથી લચી પડ્યા છે. પાંદડાંથી યે ફૂલોની સંખ્યા વધારે છે. વહેલી સવારે ઝાંખા અજવાળામાં ગુલદાવદીનાં ફૂલો પૃથ્વીની ચાદર ઉપર ધોળી ભાત પાડે છે. ઊગતા સૂરજના પ્રકાશમાં ગુલદાવદીનો એકેએક છોડ લતા-મંડપની ફૂલદાનીઓ ભરે છે. આથમતા સૂરજનાં સુવર્ણરક્ત કિરણોમાં ગુલદાવદીનો રંગ આછો સોનેરી થઈ નવું રૂપ ધારણ કરે છે. અજવાળી રાતે ધોળી ચાંદનીમાં ધોળા ગુલદાવદીના પુષ્પસમૂહો નાના નાના હિમગિરિઓ જેવા લાગે છે અને વાદળાંવાળી અંધારી રાતે ગુલદાવદીનાં ફૂલો પૃથ્વીઆકાશે તારામંડળ સમાં દેખાય છે.

ચોમાસામાં નાકુ ગુલદાવદીના છોડને બાગમાં રોપી ગયો હતો. નાકુએ ગુલદાવદી રોપી. પોતાની દાંડી મેળવી

ગુલદાવદી મોટી થઈ; અને ગણેશ, નાનજી, બુડધો વગેરેના હાથે પાણી પી ઊછરી. નાનજી અને બુડધાને ગુલદાવદી સાથે પાણી પાવાનો સંબંધ. ગુલદાવાદીને ફૂલ આવ્યાં એટલે ગુલદાવદીનાં આજુબાજુનાં ઝાડો ને પૃથ્વી પ્રસન્ન થયાં. એમને એની સાથે પ્રસન્ન થવાનો સંબંધ. ઘરનાં છોકરાંઓ ઊઘડેલી ગુલદાવદી જોઈને રાજી થવા લાગ્યાં, અને નમી નમીને સૂંઘવા લાગ્યાં. એમને એમાંથી આનંદ અને ગંધ મળ્યાં. સુશીલાબેન, તારાબેન અને સુમતિબેનને એમાંથી કેશ શણગારવાનું મળ્યું. આવી સરસ ઊઘડેલી ગુલદાવદી જોઈને મસ્તરામભાઈને સ્તુતિ કરવાનું મળ્યું. અને મને એમાંથી પાઠ લખવાનું મળ્યું.

પૂર બહારમાં ખીલેલી ગુલદાવદી મધ્યાકાશના સૂર્યની પેઠે ધીરે ધીરે પશ્ચિમ તરફ જશે. નમેલી છે તે વધુ નમશે. ધોળી છે તેમાંથી ઝાંખી જાંબલી થશે. અને સંધ્યાના બદલાતા રંગ પેઠે બદલાતાં રૂપો કરતી પૃથ્વીને ખોળે અદૃશ્ય થશે; અને બીજા શિયાળાના સૂર્યનાં ઉષ્ણ–કોમળ કિરણો તેને જગાડશે ત્યાં સુધી તે માતાને ખોળે રહેશે.

ગુલદાવદી એટલે ચંદ્રમલ્લિકા.

## મહાન ચિતારો

કોઈ જાણતું નથી કે એ પોતાની રંગની પેટી ક્યાં રાખે છે ને જાતજાતની નાની મોટી પીંછીઓ ક્યાં સંતાડે છે.

સૌથી પહેલો ને વહેલો એ ઊઠે છે ને રોજ ને રોજ રંગબેરંગી ને મનમોહક ઉષાઓને પૂરે છે.

અહા ! એની પાસે કેટલા બધા રંગો હશે ? અથવા તો શું એને રંગની મેળવણી એટલી બધી સરસ આવડે છે ?

તમારો ગમે તે ચિતારો લાવો ને, અસલ એના જેવા રંગો ન જ ચીતરી શકે. તમારી ગમે તે પીંછી લાવો ને, અસલ પેલી જેવી આછી પાતળી રેખા નહિ જ કાઢી શકે.

અને એ ચિતારાને આળસ નહિ થતી હોય ? કંટાળો યે નહિ આવતો હોય ? ટાઢ નહિ વાતી હોય ? સવારે એટલા જ રંગો ભર્યા હોય છે, ત્યાં તો એટલા જ બીજા – અરે કોઈ કોઈ વાર તો એથી યે વધારે રંગો સાંજે ભરે છે !

અને એના હાથ ને આંખો યે દુખતાં નહિ હોય ? એક નાનું સરખું ચિત્ર કાઢીને મોટા મોટા ચિતારાઓ તો હાશ કરીને આંગળીઓના ટચાકા ફોડે છે !

ના રે ના, એને વળી કંટાળો શો ને આળસે શી ને વળી ટાઢે શી? એને વળી થાકવું શું ને દુખવું શું? મહાન ચિતારાને તે એવું કાંઈ હોય! એ તો જગતનો સમર્થ ચિતારો છે.

એ તો ઠીક, પણ એ એનાં ચિત્રો શા માટે કાઢતો હશે? એનાં ચિત્રો કોણ જોતું હશે? એનાં ચિત્રોના કેટલા રૂપિયા?

શા માટે? શા માટે એ ચિત્રો કાઢે છે, કહું? કેમકે એ ચિતારો છે. એ ચિતારો છે માટે એ ચિત્ર કાઢે છે. અને ચીતર્યા વિના ચિતારાથી કેમ રહેવાય?

એ કોણ જોતું હશે, કહું? રાત આખી રાહ જોઈને બેસી રહેલાં પક્ષીઓ જુએ. પરોઢિયે ઊઠી ગાયો દોહતા ગોવાળ ને તેમની ગાયો જુએ. વહેલા ઊઠી ખેતરે જતા ખેડૂતો ને તેના બળદો જુએ. ઘંટી ને વલોણું તથા વાસીદું કરતી સ્ત્રીઓ જુએ. કવિતા લખતો કવિ અને ચિત્ર દોરતો ચિતારો જુએ. સવારે યે જુએ ને સાંજે યે જુએ. જુએ જુએ ને આંખ ઠારે.

અને એની કિંમત? એની તે કિંમત હોતી હશે? માણસો જુએ, દુનિયા જુએ; જોઈ જોઈને બોલી ઊઠે: 'અહાહા! કેવું સુંદર ચિત્ર! કેવા સુંદર રંગો! કેવી સુંદર રેખા! કેવો અદ્દભુત ચિતારો!'

એ જ એની કિંમત.

## ડુંગરે ચડતાં

કાતીડો આથમ્યો ને વીંછીડો ઊગ્યો. બગબગું થયું.

ઝટપટ ઊઠ્યા ને ચાલવા માંડ્યા. તળેટીએ આવ્યા. કાળો મોટો પર્વત. આકાશ જેવડો હાથી ઊભો. અંધારાનું મોટું બધું ધાબું.

ચડવા માંડ્યું. ઝડપ ઝડપ પગ ઉપાડ્યા. હજી કાંઈ થાક્યા નહોતા; ડુંગરે ચડવાની હોંશ હતી.

ઠીક ઠીક ચડ્યા.

હરણાં આથમ્યાં. એક ધ્રુવ દેખાતો હતો. સ્વાતી ને ચિત્રા, હાથિયો ને સાતઋષિ ઝગઝગતા હતા.

આગળ ચાલ્યા. મોંસૂઝણું નહોતું થયું. ડુંગરો નહોતો સૂઝતો.

ચારેકોર જોયું. ખેતરો સૂતાં હતાં; કાળી કામળી ઓઢી હતી.

ચડવા માંડ્યા. જરા જરા હાંફતા હતા. પરોઢિયું થતું હતું. ઝીણી ઝાકળ પડતી હતી. ગુલાબી ઠંડી સરતી હતી. એકે તારો નહોતો રહ્યો.

સારી રીતે ઊંચે ગયા. સારી રીતે હાંફી ગયા. થાક

ખાવા બેઠા. લાંબા થઈને પડ્યા.

પરોઢિયું થયું. વનપક્ષીઓ બોલ્યાં. ઝાડપાન ડોલ્યાં. ડુંગરનદી કળાયાં. ખેતર–પાદર ભળાયાં. પણ બરાબર નહિ; બધું ઝાંખું ઝાંખું.

હોંશ તો ઘણી હતી પણ પગ થાકેલા. પણ પાછું ચાલવા માંડ્યું. હવે જરા આકરું પડ્યું. છાતી ધબક-ધબક થતી હતી.

સવાર પડ્યું. સૂરજનારાયણ દેખાયા. લાલચોળ જાણે લોઢાનો તપાવેલો ગોળો. ધરતી બધી લાલ લાલ. ચારે કોર લાલ લાલ. આભ અંજાઈ ગયું; સીમ હસી રહી.

બધું દેખાયું. નાનાં મોટાં ઝાડો દેખાયાં. લાંબી લાંબી નદીઓ દેખાઈ. ગાયો ચારતો ગોવાળ દેખાયો. લાંબાં લાંબાં ખેતરો દેખાયાં. આભ જેવડો ડુંગર દેખાયો.

અરે બાપ! આવડો મોટો ડુંગર? હજી તો કેટલું યે ચડવાનું!

ઊભા કાંઈ રહેવાય? માંડ્યા ચડવા. એક ડુંગર ચડ્યા તો બીજો દેખાયો! બીજો ચડ્યા તો ત્રીજો દેખાયો. આનો તે કાંઈ પાર હશે?

જરાક થાક લેવા બેઠા. છેક નીચે તળેટીએ જોયું તો ખેડૂત ખેતર ખેડતો હતો. તળાવે ભેંશો નહાતી હતી. વાઘરી દાતણ પાડતા હતા. ગાયોનું ધણ ચરતું હતું.

પાછા ઊઠ્યા ને ચાલ્યા ત્યાં તો દેખાયું મોટું બધું



દેવળ, ને એનું મોટું શિખર. માથે સોના જેવું ચળક ચળક ચળક્યા કરે. દેવમંદિરોનો મોટો જબરો ગંજ. જાણે રૂનો મોટો જબરો ઢગલો; જાણે બરફનો નાનો પહાડ.

પાસે પહોંચ્યા.

કેટલાં બધાં દહેરાં! ગણ્યાં ગણાય નહિ ને ડુંગર ઉપર માય નહિ. દહેરાંનું જ જાણે ગામ વસ્યું.

ત્રણ તો ટૂક દેખાઈ. બે ટૂકો બે બાજુ ને ત્રીજી ટૂક વચમાં. કરોડો રૂપિયાનો કરસડો. દેવ–દહેરી કાંઇ એક-બે નહિ; હજારો, હજારો. લાખો તો નહિ હોય.

ઠેઠ ઉપર ગયા.

આમ જોયું, તેમ જોયું, ઊંચે જોયું, ચારે કોર જોયું. વાહ, કાંઈ જોવા જેવું!

નદી તો જાણે કોઈ વાંકોચૂંકો લીંટો કાઢ્યો! આમ આમ સાપણ જેમ ચાલી જાય. કેટલે ય દૂરથી દેખાય, કેટલે ય દૂર ચાલી જાય. ને ઓલ્યા ઝાડવાં? કેમ જાણે ગોઠણ જેવડા ગણગોટા. ખેતરડાં તો જાણે ધોબીએ લૂગડાં પાથર્યાં. ને સડકો તો કેડીઓ જેવી. પેલો ભરવાડ ને એની ગાયો ને ભેંશો: બકરાંનાં ટોળા વચ્ચે જાણે વેંતિયો ઊભો! હળવાળો તો દેખાતો યે નથી. કૂતરું–બિલાડું તો નજરે ય શાનું આવે?

ઉપર કાંઈ હવા આવે! ફરરર ફરરર જાણે ફુવારા

છૂટ્યા. આ....ને મજાની મીઠી મીઠી! બધો ય થાક ઊતરી જાય.

ચારેકોર ફર્યાં. દેવદર્શન કર્યાં; ટાઢાં પાણી પીધાં; ભાતાંપોતાં ખાધાં, લાંબા થઈને સૂતા ને સાંજ પાડી.

સૂરજ આથમતો હતો. તારા ઊગતા હતા. ખેડૂત ઘેર જતો હતો. ભરવાડ પાછો વળ્યો હતો. પંખી માળે જતાં હતાં. સાંજ પડી હતી.

અમે નીચે આવ્યાં. મનમા એમ જ થયું: 'હાશ! આજે તો જોયું ને આંખ ઠરી.'

# ફૂલોની વાત

'વારુ: ત્યારે તમે બધાંએ ગુલાબનું ફૂલ તો જોયેલું છે. પણ કહો જોઈએ, તમે શિરીષનું ફૂલ જોયું છે?'

લલ્લુ કહે: 'શિરીષનું? એ ફૂલનું નામ તો આજે જ સાંભળ્યું. મેં તો કદી નથી જોયું.'

'અરે ભલા ભાઈ! તારા ફળિયામાં જ શિરીષનું ઝાડ છે, ને આમ કાં કહે?'

'મારા ફળિયામાં તો સંદેશરાનું ઝાડ છે. શિરીષનું ક્યાં છે?'

'ત્યારે એ સંદેશરાનું ઝાડ એ જ શિરીષનું ઝાડ. અસલના લોકો સંદેશરાને શિરીષ કહેતા.'

'શિરીષના ફૂલની વાસ સરસ આવે છે. સવારના પહોરમાં બહુ મીઠી લાગે છે.'

'તમે એનું ફૂલ લઈ ગાલ ઉપર કે હાથ ઉપર અડાડી જોયું છે? કેવું લાગે છે?'

'બહુ જ સુંવાળું, ને બહુ જ કૂણું. આપણે હાથ ફેરવીએ એટલે ગલગલિયાં થાય છે.'

'વારુ, એ તો ઠીક; પણ તમે નિશિગંધ જોયેલ છે?'

'હા હા, મેં નિશિગંધ જોયેલ છે. અમારા મહારાષ્ટ્રમાં થાય છે.'

'આપણે તો એ ફૂલ નથી જોયું. ગુજરાતમાં તો એ ક્યાં યે નથી દેખાતું.'

'છે છે; નથી કેમ? પેલી ગુલછડી નથી જોઈ?'

'ગુલછડી નજરે તો નથી ભાળી, પણ મોટીબેન એવું કાંઈક બોલતી તો હતી કે 'ગુલછડી સમોવડી એક બાલિકા હતી.'

'ત્યારે, મોટીબેન! તમે તો ગુલછડી જોઈ હશે.'

'ના રે! મેં ગુલછડી જોઈ નથી; પણ વાંચી છે.'

'તમે બધાં જબરાં લાગો છો. જમનાકાકીના બાગમાં ગુલછડી છે, અને તમે બધાંએ તે જોઈ છે.'

'પેલા ગુલાબના લંબગોળ ક્યારા વચ્ચે થોડા વખત પહેલાં નહોતાં એને ધોળાં સુગંધી ફૂલ આવતાં?'

'એ જ નિશિગંધ?'

'હા. એને ઘણા લોકો નિશિગંધ પણ કહે છે.'

'વારુ, એ તો ઠીક; પણ તમે સૂર્યમુખી જોયું છે કે?'

'હોવે. ઘણાં ઘણાં જોયાં છે.'

'અને ગુલદાવદી?'

'તે પણ જોયાં છે. ગયા શિયાળામાં રાધાબાગમાં ખૂબ જ ફૂલ થયાં હતાં. આખો બાગ જાણે બરફથી



ધોળો થઈ ગયો હતો.'

'અને કોઈએ ડોલરનાં ફૂલ જોયાં છે, ડોલરનાં ફૂલ?'

'એવો સવાલ જ શું છો પૂછો? આપણા બાગમાં જ ડોલરનાં ફૂલ નથી થતાં? ઉનાળામાં માળીની દુકાને ડોલરના હાર નથી મળતા?'

'વારુ ત્યારે, કહો જોઈએ, કરેણનાં ફૂલ જોયાં છે?'

'લ્યો, હવે રાખો! તમારો પાસે પૂછવાનું જ નથી રહ્યું. જો પૂછવા આવ્યાં છે : 'કરેણનાં ફૂલ જોયાં છે કે? એમાં શું જોવું'તું?'

'વારુ ત્યારે, હવે સહુ બાગમાં જાઓ ને મનગમતાં ફૂલોની વેણી ગૂંથો અને માથામાં ઘાલો.'

'હા, એ ઠીક કામ બતાવ્યું. છોકરાંઓને પોતાની પાસેથી દૂર કાઢવાં હોય ત્યારે આવું કામ સારું!'

'ચાલો, આપણે તો આ ચાલ્યાં.'

'ચાલો ત્યારે, આપણે આ બેઠાં નિરાંતે વાંચવા ને લખવા!'

'બેસો, બેસો. તમારા નસીબમાં વળી બાગ ક્યાંથી હોય!'

# પંખીડાં બોલ્યાં

રાત વીતી જવા આવી ને ઘુવડે છેલ્લો ઘુઘવાટ કર્યો.

સૂરજ ઊગશે ને ઘુવડ ક્યાંઈ જઈને સંતાઈ બેસશે.

સવાર પડવા આવ્યું ને ચીબરી છેલ્લી વારની ચબચબી.

દિવસ થશે ને ચીબરી માળે જઈ ભરાશે.

સવાર પડતું હતું ને સાહુળનો કૂકડો બોલ્યો : ‘ કૂકડેકૂક, કૂકડેકૂક.’

અજવાળું થયું ન થયું ત્યાં તો ખેતરની વાડે તેતર બોલ્યાં : ‘ પટી....લા, પટી....લા, પટી....લા.’

સવાર પડ્યું ને ઘર પછવાડે લલેડાંએ આદર્યું : ‘ લે લે લે લે લે લે.’

સવાર પડી રહ્યું ને ચારેકોર ‘ કા કા કા કા કા કા ’ થઈ રહ્યું. કેટલા યે ‘ કાકા ’ આવી પહોંચ્યા.

તડકા સાથે જ ચકલીઓ ઘરમાં પેઠી ને ચાલ્યું : ‘ ચક ચક ચક.’

તડકો છાપરા માથે ચડ્યો ત્યાં તો લડવા માંડી કાબરો: ‘ કલબલ, કલબલ.’



ફળિયામાં દાણા નાખ્યા ને ચણવા માટે ઊતરી આવ્યાં: મોર અને કબૂતર, પોપટ અને ઢેલ.

તડકો ચડતો ચાલ્યો ને હોલાઓ ઘુઘવ્યા: ‘ તેજી ફઈ, તેજી ફુઓ; પાણી પીતાં ડૂબી મૂઓ.’

ફૂલો ઊઘડ્યાં હતાં ને સક્કરખોરા ઊડતા હતા. ફૂલે ફૂલેથી મધ મધ ચૂસતા હતા.

પતંગિયાં ને જીવડાં ઊડતાં હતાં ને નાના નીલકંઠને ઉજાણી હતી.

દેડકાં કૂદતાં હતાં ને રંગબેરંગી કલકલિયાને દિવાળી હતી.

તડકો વધ્યો ને પેલા ઘુમટને માથે નીલકંઠ દેખાયો. હમણાં તે ઊડશે ને સુંદર રંગો દેખાશે.

ખરા બપોર થયા ને ચાલ્યું: ‘ ટુક ટુક, ટુક ટુક.’ આ પેલું ટુકટુક ઘંટી ટાંકયા જ કરે છે.

જો પેલી આંબાની ડાળે કોયલ કૂજે છે: ‘ કૂઊ....કૂઊ.... કૂઊ....’ તડકામાં કોયલ મીઠી લાગે છે.

સૂરજ નમતો હતો ને દિવાળીઘોડો ફળિયામાં દેખાયો. જુઓ તો એની પૂંછડી, કેવી આમ આમ ઊંચી કરે છે!

પેલો કાળોકોશી પેલા તારના દોરડા ઉપર બેઠો બેઠો વિચાર કરે છે : ‘ હવે હું કોની સાથે લડું ? ’

સૂરજ આથમતો હતો. તડકા જતા હતા. ટીટોડી તળાવના પાણી પર આ ઊભી. એક પગ ઊંચો છે.

ડાળે જતાં જતાં, માળે જતાં જતાં, દેવચકલીએ છેલ્લી મીઠી સીટી મારી લીધી : 'સૂઊ....ઊ.'

અને એ પેલી આકાશે જતાં કુંજડાંની હારની હાર ! રાત પહેલાં માળે માળે પહોંચી જશે.

સૂરજ આથમી ગયો. રાત દેખાઈ. ચીબરી ઊડી ને થાંભલે બેસીને ચબચબી: 'ચિબરક, ચિબરક.'

## લીમડે લીંબોળી લચી પડી

લીમડે લીંબોળી લચી પડી.

કાગડાઓ કૉ કૉ કરતા આવ્યા ને લીમડે બેઠા. સાંજ સુધી લીંબોળીઓ ખાધી, ને ઊડી ગયા.

લીમડે લીંબોળીઓ લચી પડી.

છોકરાંઓ ટોળે વળીને આવ્યાં અને ધરાઈ ધરાઈને લીંબોળીઓ ખાધી. સંધ્યાટાણે છોકરાંઓ ઘેર ગયાં.

## જાર આવી

ઉનાળે ખેતર ખેડ્યું ને વરસાદની વાટ રહી.

ચોમાસે વરસાદ આવ્યો ને વાવણી વેળા થઈ.

કોઠીમાંથી જાર કાઢીને હામા પટેલે ચાસે ચાસે જાર વાવી.

જરાક વડકો પડ્યો, ખેતર સુકાયાં અને જાર ઊગી.

જાર ઊગી અને ધરતીમાતાએ લીલી સાડી ઓઢી.

દિવસો ગયા અને જાર વધી.

જાર ગોઠણુસમી થઈ અને પવનમાં હીલોળા લેવા લાગી.

વરસાદ વરસતો જતો હતો. તડકો પડતો જતો હતો. જાર વધતી જતી હતી.

તડકા પડ્યા. શ્રાવણુ સરવડે આવ્યો ને ઝાડે પડછા કાઢ્યા.

ભાદરવો વીત્યો, આસો બેઠો અને જારના સાંઠા ગળ્યા થયા.

હામા પટેલે સાંઠા કાપ્યા ને કાતળીઓ કરી છોકરાં-ઓને આપી.

નોરતાંના દિવસો આવ્યા ને લોકનાં છોકરાં જારની

શેરડી ઉડાવવા લાગ્યાં.

છોયા ઉતારતાં જાય ને બટકું બટકું ભરતાં જાય.

દિવાળી આવી અને જારે ડૂંડાં કાઢ્યાં.

તાપ પડ્યો અને જારનો દાણો પાક્યો.

વા આવે ને લીલા પડછા ખડખડે. જુવારના ડૂંડાં ઝૂલ્યા કરે, ને હામા પટેલ હરખાય.

દાણો સુકાયો ને કાપણી આવી.

હાથમાં દાતરડું ને વાંસે ખોઈ: લોકની દીકરીઓ જાર કાપવા આવી.

ડૂંડેડૂંડું કપાઈ ગયું ને હામા પટેલને ખળે ડૂંડાનો ઢગલો થયો.

ખળાવાડમાં લીંપીગૂંપીને ખળી કરી ને જારનાં ડૂંડા પાથરી દીધાં.

બળદ આવ્યા અને ડૂંડાં પર ચાલ્યા: જુવાર ડૂંડેથી છૂટી પડી.

વસતો અને રૂપો ઘોડી ઉપર ચડ્યા ને રતન તથા ગગુએ સૂંડલે ભરી જાર ને ઢૂંસાં આપ્યાં.

પવન જોયો અને જાર ઉપણાઈ. જાર જાર સઘળી નીચે પડી અને ઢૂંસાં ઢૂંસાં બધાં ઊડી ગયાં.

જારનો મોટો ઢગલો થયો.

રતનાએ ગાડું જોડ્યું ને જાર ગાડે નાખી. ગાડું ઘેર આવ્યું ને જાર કોઠીએ પડી.

## વૃક્ષારોપણ પ્રસંગે

પ્રણામ કરું છું માતા ધરણીને.

પ્રણામ કરી પ્રાર્થું છું: 'મા! સંગ્રહજે ને સંવર્ધજે, આ નવરોપિત વૃક્ષને!

'માતા! તારા દેહે વૃક્ષદેહ પોપજે. તારી ગંધે વૃક્ષ-ગંધ મહેકાવજે. તારા રસે વૃક્ષરસ સીંચજે. તારા રૂપે વૃક્ષરૂપ ઉજાળજે. માતા! તારા પ્રાણે વૃક્ષમાં પ્રાણ પ્રગટાવજે!'

* *

પ્રણામ કરું છું ભ્રાતા જલદેવને.

પ્રણામ કરી પ્રાર્થું છું: 'ભ્રાતા! સીંચજે ને સ્નિગ્ધ રાખજે આ નવરોપિત વૃક્ષને.

'ભ્રાતા! તારા જલે વૃક્ષદેહ પાજે. તારા જલે વૃક્ષ-ગંધ ગળજે. તારા જલે વૃક્ષરસ ફેલાવજે. તારા જલે વૃક્ષરૂપ લીલું રાખજે. ભ્રાતા! તારા પ્રાણે વૃક્ષના પ્રાણ બહલાવજે.'

* *

પ્રણામ કરું છું, ભ્રાતા વાયુદેવને.

પ્રણામ કરી પ્રાર્થું છું: 'ભ્રાતા! ડોલાવજે ને નચાવજે આ નવરોપિત વૃક્ષને.

'ભ્રાતા! તારા વાતે વૃક્ષદેહે નૃત્ય ભરજે. તારા વાતે વૃક્ષગંધ ફેલાવજે. તારા વાતે વૃક્ષરસ રસિક કરજે. તારા વાતે વૃક્ષરૂપ શુદ્ધ કરજે. તારા પ્રાણે વૃક્ષનું રૂપ સપ્રાણ કરજે.'

* *

અને પ્રણામ કરું છું પિતા ભગવાન ભાસ્કરને.

પ્રણામ કરી પ્રાર્થું છું: 'પિતા! જીવન આપજે ને જીવન્ત રાખજે આ નવરોપિત વૃક્ષને.

'પિતા! તારા તેજે વૃક્ષદેહ તેજસ્વી કરજે. તારા તેજે વૃક્ષગંધ શોધજે. તારા તેજે વૃક્ષરસ રસી દેજે. તારા તેજે વૃક્ષરૂપ તેજસ્વી કરજે. પિતા! તારા તેજે વૃક્ષના પ્રાણ પ્રફુલ્લ કરજે.'

* *

'માતા, પિતા ને ભ્રાતાઓ! આ વૃક્ષ તમારું છે. તમે એને સંગ્રહજો ને સંવર્ધજો, સંવર્ધજો ને સંગ્રહજો.'

☆